# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI

Ref no. PN 2025-26/332 Dt. 10/02/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બરના પ્રતિનિધિ મંડળ દ્વારા વિવિધ ઉદ્યોગોમાં ઇન્ડસ્ટ્રીયલ વિઝિટ્‌સ

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની ઇન્ડસ્ટ્રીયલ ટુર કમિટીના ચેરમેન શ્રી અરવિંદ બાબાવાલા, કો–ચેરમેન શ્રી ચેતન શેઠ સહિત ચેમ્બરના સભ્યોના પ્રતિનિધિ મંડળે વિવિધ ઉદ્યોગ ક્ષેત્રોની કાર્યપદ્ધતિ, નવીન ટેકનોલોજી, ગુણવત્તા નિયંત્રણ અને વ્યવસાયિક પ્રક્રિયાઓ અંગે પ્રત્યક્ષ માહિતી પ્રાપ્ત થાય તે હેતુસર જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન વિવિધ પ્રતિષ્ઠિત ઉદ્યોગોમાં ઇન્ડસ્ટ્રીયલ વિઝિટ્‌સ કરી હતી.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળે તા. ૧૩ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ પદ્મા પલ્સ પ્રોસેસર્સ પ્રા. લિ. ખાતે ઇન્ડસ્ટ્રીયલ વિઝિટ કરી હતી. આ મુલાકાત દરમિયાન દાળ પ્રોસેસિંગ ઉદ્યોગમાં ઉપયોગમાં લેવાતી આધુનિક મશીનરી, ગુણવત્તા નિયંત્રણ પ્રક્રિયા, સ્ટોરેજ સિસ્ટમ તેમજ નિકાસ માટે અપનાવવામાં આવતી પદ્ધતિઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

આ જ દિવસે ચેમ્બરના પ્રતિનિધિ મંડળે બાલાજી એગ્રો પ્રોડક્ટ્‌સ પ્રા. લિ. ખાતે પણ ઇન્ડસ્ટ્રીયલ વિઝિટ કરી હતી. અહીં કૃષિ આધારિત ઉત્પાદનોના પ્રોસેસિંગ, પેકેજિંગ, સપ્લાય ચેઇન મેનેજમેન્ટ તથા માર્કેટિંગ સ્ટ્રેટેજી વિશે ઉદ્યોગ નિષ્ણાતોએ વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. ચેમ્બરના સભ્યોને ઉદ્યોગના પડકારો અને તકો અંગે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત તા. ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે સહજાનંદ ટેકનોલોજીઝ પ્રા. લિ. તથા થ્રીડી એકસેલન્સ સેન્ટર ખાતે ઇન્ડસ્ટ્રીયલ વિઝિટનું આયોજન કર્યું હતું. આ મુલાકાત

દરમિયાન અદ્યતન મેન્યુફેક્ચરિંગ ટેકનોલોજી, થ્રીડી ડિઝાઇન, પ્રોટોટાઇપ ડેવલપમેન્ટ, ઓટોમેશન અને ઇન્ડસ્ટ્રી ૪.૦ સંબંધિત નવીન અભિગમ અંગે વિસ્તૃત પ્રસ્તુતિ આપવામાં આવી હતી. ચેમ્બરના સભ્યોને ભવિષ્યના ઉદ્યોગ વિકાસ માટે ટેકનોલોજીના મહત્વ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આવા ઇન્ડસ્ટ્રીયલ વિઝિટ કાર્યક્રમો દ્વારા ઉદ્યોગકારો અને યુવા ઉદ્યોગ સાહસિકોને પ્રાયોગિક જ્ઞાન મળે છે તેમજ ઉદ્યોગ–ઉદ્યોગ વચ્ચે સંવાદ અને સહકારની નવી તકો ઊભી થાય છે. ભવિષ્યમાં પણ આવા જ માહિતીસભર અને ઉપયોગી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.